# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## અશ્વિનદાદા !

યોગીબાપાના અંતરંગ સેવક
સાહેબદાદાના અભિન્ન દાસ
સંતોના સુહૃદ મિત્રસમ ગુરુ
ભક્તોના અનુપમ પિતા, મિત્ર અને અધ્યાત્મગુરુ
એક વિરલ વ્યક્તિત્વ... સાધક
જાગૃત સાધક અને સમર્પિત સાધુ
મન-બુદ્ધિ દિવ્ય થયાં ને બ્રહ્મ પ્રકાશી રહ્યું
ચિત્તમાં ચિંતવન પ્રભુનું ને નિર્મલ થયું
વિચારે માહાત્મ્ય છલકાયું ને સરવાણી બની
અધ્યાત્મ રહસ્યો સમજી આત્મસાત્ કર્યાં
સ્વરૂપ સાથે એકાત્મભાવ સાધ્યો
પ્રતિપળની પ્રવૃત્તિમાં પ્રભુપ્રસન્નતા પ્રાપ્ત કરી
જંગમ મંદિર બન્યા... રોમરોમ પ્રભુ બિરાજ્યા
સંબંધમાં આવે તેને પ્રભુ આપે
વિચાર વિનિમયથી માહાત્મ્ય દૃઢ કરાવે
સમર્પણભાવ જગાડે ને જગત છોડાવે
પરાવાણી વહે ત્યારે આતમે બ્રહ્માનંદ છલકાવે
સાધનાનાં સમાધાન કરે ને બ્રહ્મરસે તરબોળ કરે
જ્ઞાન-ઉપદેશને પ્રાર્થનાનાં બળ પૂરી અનુભૂતિ કરાવે
તેવા 'સાધુરામ' સંત આપણા અશ્વિનદાદા !
આપના પ્રાગટ્યમંગલે પ્રાર્થના...!
અમે પણ સાહેબદાદાને રાજી કરવા મંડ્યા છીએ.
અમે તે કરી લઈએ તે સમજાવવા આપને પણ ઉમંગ છે
આપના દાખડાને સમજીએ... મહિમા જાણીએ
દેહભાવથી ઉપર ઊઠીએ ને મન-બુદ્ધિ સમર્પીએ
આપની જેમ પરમ સુખ પામવા મથ્યા-ઝંખ્યા રહીએ
સંકલ્પ કરજો ! બળ દેજો... તમારા ગણજો... રાજી રહેજો ! ◆

૨૭.૬.૨૦૧૮, બ્રહ્મજ્યોતિ